રિયાન પરાગના ખભાની સર્જરી, સ્થાનિક સિઝનમાં પ્રારંભે નહીં રમે

મુંબઈ, તા. 11 (પીટીઆઇ) રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગના જમણા ખભા પર આજે ગુરુવારે સર્જરી કરવામાં આવી. આઈપીએલ 2026 સીઝનમાં ફ્રેન્ચાઈઝીને પ્લેઓફમાં લઈ જનાર પરાગની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં ડૉ. દિનશા પારડીવાલાની દેખરેખ હેઠળ સર્જરી કરવામાં આવી. બેંગલુરુમાં બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સેલન્સમાં સારવાર લીધા બાદ આ ઓલરાઉન્ડર ટૂંક સમયમાં સ્વસ્થ થવાની પ્રક્રિયા શરૂ કરશે. તે ઓગસ્ટના ત્રીજા અઠવાડિયામાં દુલીપ ટ્રોફીથી શરૂ થનારા 2026-27 સ્થાનિક સિઝનના પ્રારંભિક ભાગને ચૂકી જાય તેવી શક્યતા છે. બીસીસીઆઈના એક સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે, હાલમાં તેમના પાછા ફરવા માટે કોઈ નિશ્ચિત સમયમર્યાદા નથી. પરાગને અગાઉ દામ્બુલામાં ચાલી રહેલી ત્રિકોણીય શ્રેણી માટે ઈન્ડિયા એનો વાઈસ કેપ્ટન તરીકે નિયુક્ત કરાયો હતો, પરંતુ સ્નાયુની ઈજાને કારણે તે બહાર થઈ ગયો હતો.

વિમ્બલડન પ્રાઈઝ મનીમાં 20%નો વધારો : વિજેતાઓને મળશે રૂ. 46 કરોડ

ફ્રેન્ચ ઓપનમાં ખેલાડીઓ દ્વારા થયેલા વિરોધ બાદ વિમ્બલડનની ઈનામી રકમમાં મોટો વધારો કરવામાં આવ્યો

વિમ્બલડનમાં હવે સિંગલ્સ વિજેતાઓને ભથ્થા સહિત કુલ 85.8 મિલિયન ડોલર અર્થાત રૂ. 821.5 કરોડ થશે

લંડન, તા. 11 (AP) : ખેલાડીઓ દ્વારા કમાણીમાં મોટો હિસ્સો આપવાની માગ વચ્ચે, વિમ્બલડને ગુરુવારે કુલ પ્રાઈઝ મની અને સિંગલ્સ ચેમ્પિયન્સની રકમમાં ૨૦% વધારાની જાહેરાત કરી છે. આવતા મહિને યોજાનારી આ ગ્રાસ-કોર્ટ ગ્રાન્ડ સ્લેમના સિંગલ્સ વિજેતાઓને ૩૬ લાખ પાઉન્ડ એટલે કે ૪૮ લાખ ડૉલર અર્થાત અંજાજે રૂ. ૪૬ કરોડ મળશે.

ખેલાડીઓના દૈનિક ભથ્થા સહિત કુલ પ્રાઈઝ મની 6.42 કરોડ પાઉન્ડ એટલે કે 8.58 કરોડ ડૉલર અર્થાત આશરે રૂ. 821.5 રહેશે. ટૂર્નામેન્ટના ઈતિહાસમાં આ અત્યાર સુધીનો સૌથી મોટો વાર્ષિક વધારો માનવામાં આવે છે. ઓલ ઈંગ્લેન્ડ ક્લબના અધ્યક્ષ ડેબોરાહ જેવન્સે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે હું આશા રાખું છું કે ખેલાડીઓ આ નિર્ણયને આવકારશે. આ એક બહુ મોટી રકમ છે. અમે ક્વોલિફાઈંગ રાઉન્ડ સહિત દરેક રાઉન્ડની રકમ પર ધ્યાન આપ્યું છે. મારી આશા છે કે ખેલાડીઓ આ મોટા વધારાની કદર કરશે.

પ્રાઈઝ મનીમાં વધારો કરવો એ સંતુલન જાળવવાનું કામ છે, કારણ કે વિમ્બલ્ડનમાંથી થતા ચોખ્ખા નફાનો 90% હિસ્સો 'લોન ટેનિસ એસોસિએશન' (LTA) ને જાય છે. LTA એ બ્રિટનમાં ટેનિસ અને પેડેલ રમતની ગવર્નિંગ બોડી છે.

ખેલાડીઓનો વિરોધ અને માગણીઓ

ખેલાડીઓ લાંબા સમયથી ચારેય ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટની કમાણીમાં વધુ હિસ્સો મેળવવા માટે માંગ કરી રહ્યા છે અને તાજેતરમાં જ તેમણે આ માટે એકજુથ થઈને પગલાં ભરવાનું શરૂ કર્યું છે. જેવન્સે જણાવ્યું કે આ વર્ષના વિમ્બલડન માટે ખેલાડીઓએ 9.5 કરોડ ડોલર આશરે રૂ.909.6 કરોડની કુલ પ્રાઈઝ મની રાખવાની વકીલાત કરી હતી. જેવન્સે તાજેતરમાં પેરિસમાં ખેલાડીઓના સલાહકાર અને WTA ના ભૂતપૂર્વ સીઈઓ લેરી સ્કોટ સાથે વાતચીત કરી હતી. ફ્રેન્ચ ઓપન પહેલા, વિશ્વની નંબર વન ખેલાડી આર્યના સબાલેન્કાએ કહ્યું હતું કે જો ખેલાડીઓની માગણીઓ પૂરી ન થાય, તો તેમણે કોઈક તબક્કે ટૂર્નામેન્ટનો બહિષ્કાર કરવો જોઈએ. આ મુદ્દે યાનિક સિનર અને કોકો ગફ સહિતના અન્ય ખેલાડીઓએ પણ અવાજ ઉઠાવ્યો હતો.

વિમ્બલડનમાં ઇનામોની વહેંચણી

પ્રથમ રાઉન્ડના વિજેતાની રકમ : આ વર્ષે પ્રથમ રાઉન્ડમાં જ બહાર થનાર ખેલાડીને પણ 80,000 પાઉન્ડ એટલે કે 107000 ડોલર આશરે રૂ. 1.02 કરોડ મળશે, જે 2024ની સરખામણીએ 21% વધુ છે.

ક્વોલિફાઈંગ રાઉન્ડ : આ રાઉન્ડની કુલ ઈનામી રકમમાં 25% નો વધારો કરવામાં આવ્યો છે.

રનર્સ-અપ : મેન્સ અને વિમેન્સ સિંગલ્સના રનર્સ-અપને 18 લાખ પાઉન્ડ એટલે કે 24 લાખ ડોલર આશરે રૂ. ૨૩ કરોડ મળશે, જે ગયા વર્ષ કરતાં 18% વધુ છે.

મોરોક્કોના એઝાલઝૌલી અને અગુર્ડ ઈજાના કારણે વર્લ્ડકપમાંથી બહાર

નોર્વે સામેની વોર્મ-અપ મેચ દરમિયાન એઝાલઝૌલીને જમણા ઘૂંટણમાં ઈજા થઈ હતી

આ બંને ખેલાડીના સ્થાને અમીન સબાઇ અને મારવાન સાદાનેનો મોરોક્કોની ટીમમાં સમાવેશ

બાસ્કિંગ રીજ (ન્યુ જર્સી), તા. 11 : બ્રાઝિલ સામેની તેની પ્રથમ મેચ પહેલા મોરોક્કોની ટીમે ઈજાગ્રસ્ત થયેલા બે ખેલાડીઓની જગ્યાએ અન્ય ખેલાડીઓનો ટીમમાં સમાવેશ કર્યો છે. બહાર થયેલા ખેલાડીઓમાં ટીમના સ્ટાર વિંગર અબ્દે એઝાલઝૌલી પણ સામેલ છે.

ફિફાએ બુધવારે મોડી રાત્રે પુષ્ટિ કરી હતી કે બાર્સેલોનાના માજી ખેલાડી એઝાલઝૌલી અને માર્સેલીના ડિફેન્ડર નાયેફ અગુર્ડને ટૂર્નામેન્ટ માટે મોરોક્કોની ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે.

એઝાલઝૌલીએ તાજેતરમાં જ રીઅલ બેટિસ ટીમને આગામી સીઝનની ચેમ્પિયન્સ લીગ માટે ક્વોલિફાય કરવામાં મદદ કરી હતી અને આ વર્લ્ડ કપમાં તે મોટો સ્ટાર સાબિત થઈ શકે તેમ હતો. બીજી તરફ, અગુર્ડ ૨૦૨૨માં કતારમાં યોજાયેલા વર્લ્ડ કપમાં મોરોક્કોની ઐતિહાસિક સેમિફાઈનલ સફરનો મુખ્ય આધારસ્તંભ હતો. આ બંને ખેલાડીઓની જગ્યાએ ફ્રેન્ચ ક્લબ એન્જર્સના અમીન સબાઈ અને સાઉદી અરેબિયાની અલ ફતેહ ક્લબ તરફથી રમતા મારવાને સાદાનેનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ગયા અઠવાડિયે નોર્વે સામેની વોર્મ-અપ મેચ દરમિયાન એઝાલઝૌલીને જમણા ઘૂંટણમાં ઈજા થઈ હતી. જોકે, શરૂઆતના ટેસ્ટ રિપોર્ટમાં એવું લાગતું હતું કે કોચ મોહમ્મદ ઓઆહબી તેને નોકઆઉટ રાઉન્ડની મેચો માટે ટીમમાં જાળવી રાખી શકશે, પરંતુ આખરે તેને બહાર થવું પડ્યું છે.

નાઇજીરીયા સામે પોર્ટુગલ વોર્મ-અપ મેચ જીત્યું, રોનાલ્ડોએ મોટી તકો ગુમાવી

રોનાલ્ડો બંને હાફમાં માત્ર ગોલકીપર સામે હોવા છતાં ગોલ કરવાની સીધી તક ચૂક્યો

લેઈરિયાઃ પોર્ટુગલની ટીમ ફીફા વર્લ્ડકપમાં જતા પહેલા અહીં રમાયેલી નાઈજીરીયા સામેની વોર્મઅપ મેચ ૨-૧ થી જીતી ગઈ, પરંતુ તેમના સ્ટાર સ્ટ્રાઈકર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો માટે આ મેચ થોડી નિરાશાજનક રહી હતી.

ઈન્ટરનેશનલ ફૂટબોલમાં સૌથી વધુ 143 ગોલ કરવાનો રેકોર્ડ ધરાવતો 41 વર્ષીય રોનાલ્ડો બુધવારે લેઈરિયામાં રમાયેલી આ મેચમાં પોતાના આ રેકોર્ડમાં વધારો કરી શક્યો નહોતો. બંને હાફમાં માત્ર ગોલકીપર સામે હોવા છતાં તેઓ ગોલ કરવાની સ્પષ્ટ તકો ચૂક્યો હતો. પાંચ વખત વિશ્વના સર્વશ્રેષ્ઠ ખેલાડી રહી ચૂકેલા રોનાલ્ડોને પોર્ટુગલના અન્ય શરૂઆતી ખેલાડીઓ કરતાં મેદાન પર વધુ સમય આપવામાં આવ્યો હતો, અને આખરે 65મી મિનિટે તેને બદલીને બીજા ખેલાડીને મેદાન પર લાવવામાં આવ્યો હતો. રોનાલ્ડો આ વખતે છઠ્ઠી વખત વર્લ્ડ કપમાં ભાગ લેશે.

પોર્ટુગલ વતી સબસ્ટિટ્યુટ તરીકે આવેલા 11 ખેલાડીઓમાંથી એક, ફ્રાન્સિસ્કો કોન્સેઈકાઓએ 75મી મિનિટે જમણી બાજુથી અંદર આવીને શાનદાર કિક મારી ગોલ કર્યો અને પોર્ટુગલને જીત અપાવી હતી. આ પહેલા મેચની 23મી મિનિટે પેડ્રો નેટોએ ગોલ કરીને પોર્ટુગલને સરસાઇ અપાવી હતી. જોકે, 14 મિનિટ પછી અકોર આદમ્સે ગોલ કરીને નાઈજીરીયાને બરાબરી પર લાવી દીધું હતું. નોંધનીય છે કે નાઈજીરીયાની ટીમ આ વર્લ્ડકપ માટે ક્વોલિફાય થઈ શકી નથી.

મહિલા ટી-20 વર્લ્ડકપ આજથી : પહેલી મેચ ઈંગ્લેન્ડ-શ્રીલંકા વચ્ચે

ભારત, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાની ટીમો ઓસ્ટ્રેલિયાના પરંપરાગત દબદબાને પડકારશે તેવી અપેક્ષા

રાત્રે 11 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

બર્મિંઘમ, તા. 11 : પહેલા કરતાં વધુ મોટો અને વધુ સ્પર્ધાત્મક બનેલો મહિલા ટી-20 વર્લ્ડકપ આવતીકાલે શુક્રવારથી ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચેની મેચથી અહીં શરૂ થઈ રહ્યો છે. આ ટૂર્નામેન્ટમાં સતત મજબૂત થઈ રહેલી ભારત, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાની ટીમો ઓસ્ટ્રેલિયાના પરંપરાગત દબદબાને પડકારશે તેવી અપેક્ષા છે.

છેલ્લી નવમાંથી છ ટૂર્નામેન્ટ જીતનાર ઓસ્ટ્રેલિયાની ટીમ વર્તમાન ચેમ્પિયન ન્યૂઝીલેન્ડને હરાવીને સાતમું ટાઈટલ જીતવા આતુર હશે, પરંતુ હવે તેમના માટે આ જીત એટલી સરળ નહીં હોય. ન્યૂઝીલેન્ડ પોતે એક મજબૂત ટીમ છે. આ સિવાય ભારતીય ટીમ પણ મેદાનમાં છે, જેણે ગયા વર્ષે જ 50-ઓવરના વર્લ્ડ કપમાં પોતાનું પ્રથમ વૈશ્વિક ટાઈટલ જીત્યું હતું. ઈંગ્લેન્ડની ટીમ પોતાની ઘરઆંગણેની પરિસ્થિતિઓમાં હંમેશાની જેમ મજબૂત છે, અને છેલ્લી ત્રણ ICC ઈવેન્ટ્સની ફાઈનલિસ્ટ રહેલી દક્ષિણ આફ્રિકાની ટીમને પણ નબળી ન ગણી શકાય. આ સંદર્ભમાં, ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચેની મેચથી શરૂ થઈ રહેલો આ વર્લ્ડકપ અત્યાર સુધીનો સૌથી રોમાંચક સાબિત થશે. 2009ની પ્રથમ આવૃત્તિ પછી યુકેમાં યોજાનારો આ પહેલો વર્લ્ડકપ છે.

પાંચ મુખ્ય ટીમ પાસે યુવા પ્રતિભાઓ

ઈંગ્લેન્ડ : ઈંગ્લેન્ડ પાસે એલિસ કેપ્સી, ટિલી કોર્ટીન-કોલમેન અને ફ્રેયા કેમ્પ જેવા ખેલાડીઓ છે.

શ્રીલંકા : શ્રીલંકાની ટીમમાં વિશ્મી ગુણારત્ને, ઈમેશા દુલાની, કવિશા દિલહારી અને કાવ્યા કાવિંદી જેવા ખેલાડીઓ સામેલ છે.

ભારતઃ મજબૂત દાવેદાર ગણાતી ભારતીય ટીમમાં એન. શ્રી ચરણી, યાસ્તિકા ભાટિયા અને નંદની શર્મા જેવી આશાસ્પદ ખેલાડીઓ છે.

ઓસ્ટ્રેલિયાઃ ઓસ્ટ્રેલિયાની ટીમ પાસે જોર્જિયા વોલ અને ડાબા હાથની ફાસ્ટ બોલર લ્યુસી હેમિલ્ટન જેવી બે શાનદાર યુવા સ્ટાર્સ પણ છે.

દક્ષિણ આફ્રિકા : લૌરા વોલ્વાર્ડના નેતૃત્વમાં રમી રહેલી આ ટીમમાં કાયલા રેનેકે અને એનેરી ડર્કસેન જેવી નવી પેઢીની ખેલાડીઓ છે.

DLS પદ્ધતિથી અફઘાનિસ્તાન-A ટીમે ભારતને ચાર રનથી હરાવ્યું

અફઘાનિસ્તાનની યુવા ટીમે ભારતની સ્ટાર ખેલાડીઓની હાજરીવાળી ટીમને હરાવી અપસેટ કર્યો

દામ્બુલા, તા. 11 (પીટીઆઈ) : ત્રિકોણીય વન ડે સીરિઝની આજે ગુરુવારે અહીં રમાયેલી વરસાદથી પ્રભાવિત મેચમાં અફઘાનિસ્તાન-એની યુવા ટીમે સ્ટાર ખેલાડીઓ ધરાવતી ભારત-એ ટીમને ડકવર્થ-લુઈસ સિસ્ટમના આધારે ચાર રને હરાવીને મોટો અપસેટ સર્જ્યો.

પ્રથમ બેટિંગ કરતા, ભારતે કેપ્ટન તિલક વર્મા, વાઈસ કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ અને ઓપનર પ્રભસિમરન સિંહની અડધી સદીની મદદથી નવ વિકેટે 349 રન બનાવ્યા હતા. જેમાં પ્રભસિમરને 69 બોલમાં 84, ગાયકવાડે 80 બોલમાં 66 અને તિલકે 73 બોલમાં 66 રન બનાવ્યા. ઝરમર વરસાદને કારણે મેચ 49 ઓવરની કરવામાં આવી.

વારંવાર વરસાદના વિક્ષેપ પછી, અફઘાનિસ્તાન Aને 38 ઓવરમાં 294 રનનો સુધારેલો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. કેપ્ટન ઈમરાન 70 બોલમાં 75 અને હસન ઈસાખિલે 29 બોલમાં 34 રન સાથેએ અફઘાનિસ્તાનને આક્રમક શરૂઆત અપાવી. 52 બોલમાં 51 કરનારા બહીર શાહે ઈમરાન સાથે મળીને ટીમને 25.5 ઓવરમાં 2 વિકેટે 177 રન સુધી પહોંચાડી દીધી જ્યારે ફરીથી વરસાદ શરૂ થયો. તે સમયે, અફઘાનિસ્તાન ડકવર્થ લુઈસ સિસ્ટમના આધારે લક્ષ્યથી ચાર રન આગળ હતું.

બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયા સામે પહેલીવાર વન-ડે સીરિઝ જીતી ઈતિહાસ રચ્યો

ત્રણ મેચની સીરિઝની વરસાદથી પ્રભાવિત મેચ DLS પદ્ધતિથી જીતીને બાંગ્લાદેશે 2-0ની અજેય સરસાઇ મેળવી

બીજી મેચમાં ઓસ્ટ્રેલિયાએ શૂન્ય રને ત્રણ વિકેટ ગુમાવી, વન ડે ઇતિહાસમાં આવું માત્ર ચોથીવાર બન્યું

મીરપુર, તા. 11 : ઓસ્ટ્રેલિયાના બાંગ્લાદેશ પ્રવાસની આજે ગુરુવારે અહીં રમાયેલી વન ડે સીરિઝની વરસાદથી પ્રભાવિત બીજી મેચમાં DLS પદ્ધતિના આધારે બાંગ્લાદેશે જીત મેળવીને ઓસ્ટ્રેલિયા સામે 3 મેચોની સીરિઝમાં 2-0ની અજેય સરસાઈ મેળવીને સીરિઝ જીત પાકી કરીને નવો ઈતિહાસ રચ્યો છે.

મેચ દરમિયાન અઢી કલાક સુધી વરસાદ પડ્યો હતો, જેના કારણે 'ડકવર્થ-લુઈસ-સ્ટર્ન' પદ્ધતિના આધારે બાંગ્લાદેશને 41 ઓવરમાં 192 રનનો સુધારેલો ટાર્ગેટ મળ્યો હતો. બાંગ્લાદેશે 6 ઓવર બાકી રાખીને 5 વિકેટે 195 રન બનાવીને મેચ જીતી હતી. બાંગ્લાદેશ તરફથી ઓપનર સૌમ્ય સરકાર અને નજમુલ હુસૈન શાંતોએ 42-42 રન બનાવ્યા હતા અને બંને વચ્ચે 86 રનની મજબૂત ભાગીદારી થઈ હતી. તૌહીદ હ્રદોયે 55 બોલમાં નોટઆઉટ 40 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. સીરિઝની ત્રીજી અને અંતિમ મેચ રવિવારે આ જ મેદાન પર રમાશે.

ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ટીમનું ખાતું ખૂલે તે પહેલા જ તેમણે 3 વિકેટ ગુમાવી દીધી હતી. વન-ડે ક્રિકેટના ઈતિહાસમાં આવું માત્ર ચોથી વખત બન્યું છે જ્યારે કોઈ ટીમે 0 રન પર પોતાની પહેલી 3 વિકેટ ગુમાવી દીધી હોય. કેપ્ટન જોશ ઈંગ્લિશ આઉટ થયો ત્યારે ઓસ્ટ્રેલિયાએ 68 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, બાદમાં માર્નસ લાબુશેન (નોટઆઉટ 55) અને ઝેવિયર બાર્ટલેટ (52) વચ્ચે 103 રનની શાનદાર ભાગીદારી થઈ હતી, જેના કારણે ઓસ્ટ્રેલિયા 42 ઓવરમાં 8 વિકેટે 187 રન સુધી પહોંચી શક્યું હતું.

ઓસ્ટ્રેલિયન ઓપન : સિંધુ અને તન્વી ક્વાર્ટર ફાઈનલમાં

સિંધુએ ભારતની જ ઇશારાનીને અને તન્વીએ ભારતની જ માલવિકા સામે જીત મેળવી, તાન્યા હેમંત પોર્નપાવી સામે હારી

સિડની, તા. 11 (પીટીઆઈ) : ભારતની સ્ટાર મહિલા શટલર પીવી સિંધુ અને યુવા તન્વી શર્માએ આજે ગુરુવારે અહીં તેમના વિરોધીઓને સીધી ગેમમાં હરાવીને ઓસ્ટ્રેલિયન ઓપન સુપર 500 બેડમિન્ટન ટુર્નામેન્ટની મહિલા સિંગલ્સ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

ત્રીજી ક્રમાંકિત સિંધુએ રાઉન્ડ ઓફ 16 મેચમાં ભારતની જ ઈશારાની બરુઆને 42 મિનિટમાં 22-20, 21-12થી હરાવી. બુધવારે પાંચમી ક્રમાંકિત અને વિશ્વની 11મી ક્રમાંકિત ચ્યુ પિન ચિએનને હરાવનાર તન્વીએ ભારતની જ માલવિકા બંસોડને 21-13, 21-15થી હરાવીને પોતાનું પ્રભાવશાળી ફોર્મ ચાલુ રાખ્યું. સિંધુનો મુકાબલો હવે ચાઈનીઝ તાઈપેઈની ચેન સુ યુ સામે થશે જ્યારે તન્વીનો મુકાબલો જાપાનની ટોચની ક્રમાંકિત અકાને યામાગુચી સામે થશે. તાન્યા હેમંતની સફર થાઈલેન્ડની બીજા ક્રમાંકિત પોર્નપાવી ચોચુવોંગ સામે 12-21. 15-21થી હાર્યા બાદ સમાપ્ત થઈ ગઈ. ભારતની પુરુષ ડબલ્સની જોડી હરિહરન અમસાકરુનન અને એમઆર અર્જુને ઓસ્ટ્રેલિયાના માઈકલ ઓવેન અને ડાયલન સોએડજાસાને 21-17, 21-7થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો. ધ્રુવ રાવત અને કે મનીષાની મિક્ષ્ડ ડબલ્સની જોડી બીજા રાઉન્ડમાં જાપાનની અકીરા કોગા અને નત્સુ સૈતો સામે હારીને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ.

રાહુલ દ્રવિડના પુત્ર અન્વયનો ભારતની અંડર-19 ટીમમાં સમાવેશ

શ્રીલંકા પ્રવાસ માટેની ટીમનું સુકાન યશવર્ધન ચૌહાણને સોંપાયું, લક્ષ્ય રાયચંદાની વાઇસ કેપ્ટન

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ) : ભારતીય ટીમના માજી દિગ્ગજ બેટ્સમેન અને માજી કોચ રાહુલ દ્રવિડના નાના પુત્ર અન્વય દ્રવિડની આજે ગુરુવારે ચાર જુલાઈથી શરૂ થનારા શ્રીલંકા પ્રવાસ માટે ભારતની અંડર-19 ટીમમાં પસંદગી કરવામાં આવી છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ની જુનિયર ક્રિકેટ સમિતિએ ત્રણ વન ડે અને બે મલ્ટિ ડે મેચ માટે શ્રીલંકાના આગામી પ્રવાસ માટે ભારતની પુરુષોની અંડર-19 ટીમની જાહેરાત કરી છે. ટીમનું નેતૃત્વ યશવર્ધન સિંહ ચૌહાણ કરશે જ્યારે લક્ષ્ય રાયચંદાનીને ઉપ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. દ્રવિડ જુનિયરને વન ડે ટીમમાં રજત બઘેલ સાથે બે વિકેટકીપિંગ વિકલ્પોમાંથી એક તરીકે પસંદ કરવામાં આવ્યો છે જ્યારે માનવ કૃષ્ણ અને આર્યન સંદેશ સકપાલને મલ્ટી-ડે મેચો માટે વિકેટકીપિંગ માટે પસંદ કરવામાં આવ્યા છે.

સત્તર વર્ષના અન્વય દ્રવિડે કર્ણાટક અંડર-19 ટીમને છેલ્લી વિનુ માંકડ ટ્રોફીના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચાડી હતી. તેણે છ મેચમાં 220 રન બનાવ્યા હતા, જેમાં તેનો સર્વોચ્ચ સ્કોર નોટઆઉટ 82 રન હતો.

ભારતની અંડર-19 વનડે ટીમ

યશવર્ધન સિંહ ચૌહાણ (કેપ્ટન), સાગર વિર્ક, લક્ષ્ય રાયચંદાની (વાઈસ-કેપ્ટન), વિનીત વી.કે., અર્જુન રાજપૂત, કુશાગ્ર ઓઝા, રજત બઘેલ (વિકેટકીપર), અન્વય દ્રવિડ (વિકેટકીપર), અનમોલજીત સિંહ, વુટકુરી યશવીર પટેલ, અન્વય પટેલ, શવિન પટેલ, શૌર્ય પટેલ. મોહિત ઉલવા, ઈશાન સૂદ.

મલ્ટી-ડે મેચો માટે ભારતની અંડર-૧૯ ટીમ

યશવર્ધન સિંહ ચૌહાણ (કેપ્ટન), સાગર વિર્ક, લક્ષ્ય રાયચંદાની (વાઈસ-કેપ્ટન), પટેલ કુશ, મનલ ચૌહાણ, કુશાગ્ર ઓઝા, માનવ ક્રિષ્ના (વિકેટકીપર), આર્યન સંદેશ સકપાલ (વિકેટકીપર), હેમચુડેસન જે, બી.કે કિશોર, રોહિત અનિલ, પટેલ, અનિલ પૌરાણિક, પટેલ પ્રવિણ, પટેલ, પ્રવિણસિંહ. રાઘવેન્દ્ર, ચિગુરુપતિ વેંકટ.

અનુસંધાન... પાના પહેલાનું

ઓમાનના કાંઠે...

કે તેમણે અધિકારીઓને બચાવી લેવાયેલા ક્રૂ મેમ્બર્સને તાત્કાલિક સ્વદેશ પરત લાવવા અને મૃતકોના અંતિમ સંસ્કાર માટે તેમના પાર્થિવ દેહને વહેલી તકે ભારત લાવવાનું સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે. ભારતે બુધવારે અમેરિકાના ચાર્જ ડી'અફેર્સને સમન્સ પાઠવીને ઓમાનના દરિયાકાંઠે કોમર્શિયલ જહાજ પર અમેરિકી સૈન્યના હુમલા સામે સખત વિરોધ નોંધાવ્યો હતો, જેમાં ક્રૂના 24 ભારતીય સભ્યોમાંથી ત્રણ ગુમ થયા હતા. યુએસ સેન્ટ્રલ કમાન્ડે આ હુમલાની વાત સ્વીકારતા જણાવ્યું હતું કે આ જહાજે ઈરાનથી તેલ લાવવાનો પ્રયાસ કરીને ઈરાની બંદરો પર ચાલી રહેલી અમેરિકી નાકાબંધીનું ઉલ્લંઘન કર્યું હતું.

ઓમાનના કાંઠે...

આવ્યો હોય તેવી આ ત્રીજી ઘટના હતી. સોમવારે અમેરિકી દળો દ્વારા પલાઉના ધ્વજવાળા ઓઇલ ટેન્કરને નિષ્ક્રિય કરવામાં આવ્યું હતું, જેમાં 24 ભારતીય નાવિકો સવાર હતા. આ જહાજ, 'એમટી મેરીવેક્સ'ના તમામ ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે બચાવી લેવાયા હતા. બુધવારે, અમેરિકાએ પલાઉના ધ્વજવાળા અન્ય એક ટેન્કર 'એમટી સેટ્ટેબેલો' પર હુમલો કર્યો હતો, જેમાં સવાર 24 ભારતીય નાવિકોમાંથી ત્રણના મોત થયા હતા. આ ત્રીજો હુમલો - ગિની-બિસાઉના ધ્વજવાળા જહાજ 'એમટી જલવીર' પર આજે ગુરુવારે થયો હતો. મસ્કત સ્થિત ભારતીય દૂતાવાસે 'X' પર એક પોસ્ટમાં જણાવ્યુંઃ ઓમાનના સત્તાવાળાઓના સહયોગથી બચાવ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગઈ છે અને તમામ 20 ભારતીય ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે કિનારે લાવી દેવાયા છે. મિશન આગળની કાર્યવાહી માટે ઓમાનના સત્તાવાળાઓ સાથે સંકલન સાધી રહ્યું છે. મિશને અગાઉ પોસ્ટ કર્યું હતું કે 22 ભારતીય ક્રૂ મેમ્બર્સને બહાર કાઢવામાં આવ્યા છે, અને પાછળથી આ આંકડો સુધારીને 20 કર્યો હતો. વિદેશ મંત્રાલયે પુષ્ટિ કરી છે કે જહાજ પર હુમલો થયો હતો. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદ દરમિયાન જહાજો સાથે સંકળાયેલી આ ઘટનાઓ અંગેના પ્રશ્નનો જવાબ આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, આ હુમલા ત્યાં તૈનાત અમેરિકાની નૌકાસેન દ્વારા કરવામાં આવ્યા હતા. યુએસ સેન્ટ્રલ કમાન્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે ઈરાન સામેના તેના નાકાબંધીનું ઉલ્લંઘન કરીને ઈરાની ઓઈલનું પરિવહન કરવાનો પ્રયાસ કરવા બદલ 'એમટી જલવીર'ને નિષ્ક્રિય કર્યું હતું. તેણે જણાવ્યું હતું કે ક્રૂ મેમ્બર્સ યુએસ દળોના નિર્દેશોનું વારંવાર પાલન કરવામાં નિષ્ફળ રહ્યા તે પછી અમેરિકી એરક્રાફ્ટે જહાજના એન્જિન રૂમ પર હુમલો કર્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ત્રણ જહાજો પર થયેલા ત્રણ અલગ-અલગ હુમલા યુએસ નેવી તરફથી થયા હતા. બુધવારે સેટ્ટેબેલો પર થયેલા હુમલામાં ત્રણ ભારતીયોના મોત થયા બાદ, વિદેશ મંત્રાલયે અમેરિકી ચાર્જ ડી'અફેર્સ જેસન મીક્સને સમન્સ પાઠવ્યા હતા અને તેમને વિરોધ પત્ર સોંપવામાં આવ્યો હતો. જયસ્વાલે જણાવ્યું હતું કે, અમે અમારા દરિયાઈ સમુદાયના કલ્યાણ અને સુખાકારીને ખૂબ જ મહત્વ આપીએ છીએ. જયસ્વાલે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ હુમલાઓ "બંધ થવા જ જોઈએ.

ગૃહિણી રાષ્ટ્રનિર્માતા...

જણાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતનો આ ચુકાદો પંજાબમાં મોટર અકસ્માતના દાવા સંબંધિત એક અપીલ પર આવ્યો છે જ્યાં ૨૫ નવેમ્બર, ૨૦૦૧ ના રોજ એક માર્ગ અકસ્માતમાં એક મહિલાનું મૃત્યુ થયું હતું.

દિલ્હી ડાયરી...

નહીં, પરંતુ એક એવા પ્રદેશ તરીકે જેના લોકો, ભાષા અને જમીન મા ભારતીથી અવિભાજ્ય હતા." એક રાજકીય વિશ્લેષકે ધ્યાન દોર્યું કે, અત્યાર સુધી આસામને પાકિસ્તાનનો ભાગ બનતા અટકાવવાનો શ્રેય રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી ગોપીનાથ બોરદોલોઈને આપવામાં આવતો હતો, પરંતુ હવે આ શ્રેયમાં બોરદોલોઈની સાથે ડો. મુખર્જીનું નામ પણ જોડાઈ ગયું છે.

નીટ પેપર લીક વિવાદઃ શિક્ષણ મંત્રી પર વધતું દબાણ

નીટ પરીક્ષાના પ્રશ્નપત્ર લીક થવાના મામલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અત્યારે ભારે ટીકાઓનો સામનો કરી રહ્યા છે. જોકે, અત્યાર સુધી વડા પ્રધાન નરેન્દ્ર મોદી તરફથી તેમની સામે કોઈ કડક પગલાં લેવામાં આવ્યાં નથી.

આમ છતાં, પ્રધાન આ કટોકટીમાંથી બહાર નીકળવાના વિકલ્પો પર વિચાર કરીને તદ્દન શાંત અને સંયમિત દેખાઈ રહ્યા છે. દિલ્હીમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં તેમણે વાલીઓ અને વિદ્યાર્થીઓને ખાતરી આપી હતી કે, દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ, તેમના ગૃહ રાજ્ય ઓડિશામાં બિજુ જનતા દળ (બીજેડી) અને કોંગ્રેસે તેમના રાજીનામાની માંગ સાથે તેમનાં પૂતળાં બાળ્યાં હતાં. આમ છતાં પ્રધાન વિપક્ષ કરતાં ઓડિશા ભાજપના જ એવા નેતાઓથી વધુ સાવધ દેખાઈ રહ્યા છે જેઓ તેમના પતનની રાહ જોઈ રહ્યા છે.